આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૭ | ૨૭ ડિસેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

બુદ્ધિપૂર્વક આચરેલો અન્યાય ક્ષણિક ક્રોધની હિંસા કરતાં પણ વધારે ભયાનક છે
- ગિત્સે

નરેન્દ્ર મોદી ચોથી વાર મુખ્યમંત્રી

ઐતિહાસિક કાર્યક્રમમાં રાજ્યપાલે તમામને શપથ લેવડાવ્યા : કેબિનેટ કક્ષાના સાત, રાજ્યકક્ષાના નવ પ્રધાનોએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા : મુખ્યમંત્રીઓ, ઉદ્યોગપતિઓ અને મોટી સંખ્યામાં આગેવાનો હાજર

અમદાવાદ,તા. ૨૬

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી હેટ્રીક નોંધાવ્યા બાદ મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ આજે શપથ લીધા હતા. મોદીએ ચોથી વખત મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. મોદીની સાથે સાથે કેબિનેટ કક્ષાના સાત અને રાજ્ય કક્ષાના નવ પ્રધાનોએ પણ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા પહેલાથી જ આયોજન કરવામાં આવ્યું હતુ અને આ આયોજન સંપૂર્ણપણે સફળ રહ્યુ હતુ. ભાજપ અને એનડીએ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, ભાજપના વરિષ્ઠ નેતાઓ અને ઉદ્યોગપતિઓની હાજરીમાં મોદી અને તેમના કેબિનેટના પ્રધાનોએ શપથ લીધા હતા. રાજ્યપાલ ડૉ.કમલાજીએ તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે ૧૧.૫૦ વાગે શપથ લીધા હતા. ત્યારબાદ અન્યોને પ્રધાન તરીકેના શપથ લેવડાવામાં આવ્યા હતા. શપથવિધિ કાર્યક્રમ આશરે ૩૮ મિનિટ સુધી ચાલ્યો હતો. મોદીએ ઈશ્વરના નામે શપથ લીધા હતા. નરેન્દ્ર મોદી બાદ નીતીનભાઈ પટેલ, આનંદીબેન પટેલ, રમણભાઈ વોરા, ભુપેન્દ્રભાઈ ચુડાસમા, સૌરભ પટેલ, ગણપતભાઈ વસાવાએ બાબુભાઈ બોખેરિયાએ કેબિનેટ પ્રધાન તરીકે શપથ લીધા હતા. અને પરષોત્તમ સોલંકી, પરબતભાઈ પટેલ, વસુબેન ત્રિવેદી, પ્રદિસસિંહ જાડેજા, લીલાધર વાઘેલા, રજનીકાંત પટેલ, ગોવિંદભાઈ પટેલ, નાનુભાઈ વાનાની અને જયંતિભાઈ કવાડીયાએ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા.

બાબુ બોખિરિયાએ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુનભાઈ મોઢવાડિયાને પોરબંદર બેઠકમાં હાર આપી હતી. જ્યારે પુરુષોત્તમ સોલંકીએ પણ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા. સોલંકીએ ભાવનગર ગ્રામીણ બેઠક પર કોંગ્રેસના વધુ એક શક્તિશાળી નેતા શક્તિસિંહ ગોહિલને હાર આપી હતી. શપથવિધિને લઈને શરૂઆતથી જ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. મોદીની ટીમમાં બે મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં આનંદીબેન પટેલે કેબિનેટ પ્રધાન તરીકે જ્યારે વસુબેન ત્રિવેદીએ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા. વજુભાઈ વાળાને આ વખતે કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા નથી પરંતુ એમ માનવામાં આવે છે કે તેમને રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ તરીકે તક આપવામાં આવી શકે છે. શપથવિધિ કાર્યક્રમમાં છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ, ઝારખંડના મુખ્યમંત્રી અર્જુન મુંડા, પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ, ગોવાના મુખ્યમંત્રી મનોહર પારેકર, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, કર્ણાટકના મુખ્યમંત્રી જગદીશ સેટ્ટર, તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા ઉપસ્થિત રહ્યા હતા. આ શપથવિધિમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી, મુરલી મનોહર જોશી, વસુંધરા રાજે સિંધિયા, રાજનાથ સિંધ, નવજોત સિંધુ, વિવેક ઓબેરોય, સુરેશ ઓબેરોય, ઉદ્યોગપતિ સુબ્રોતો રોય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કિરણ ખેર, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે, શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

શપથવિધિ સમારોહમાં ૭ રાજ્યોના મુખ્ય મંત્રીઓ, વરિષ્ઠ નેતાઓ અને મહાનુભાવો તથા કલાકારોની વિશિષ્ટ ઉપસ્થિતિ

શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્ય મંત્રીમંડળના શપથવિધિ સમારોહમાં ભારતભરના રાજનેતાઓ અને વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજાયેલી શપથવિધિમાં આ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

- શ્રી લાલકૃષ્ણ અડવાણી, વરિષ્ઠ નેતા, ભારતીય જનતા પાર્ટી
- શ્રી નીતિન ગડકરી, રાષ્ટ્રીય પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી
- શ્રી અરૂણ જેટલી, વિપક્ષના નેતા, રાજ્યસભા, નવી દિલ્હી
- શ્રીમતી સુષ્મા સ્વરાજ, વિપક્ષના નેતા, લોકસભા, નવી દિલ્હી
- સુશ્રી જયલલિતા, મુખ્ય મંત્રી, તામિલનાડુ
- શ્રી શિવરાજ પાટીલ, મુખ્ય મંત્રી, મધ્યપ્રદેશ
- શ્રી પ્રકાશસિંહ બાદલ, મુખ્ય મંત્રી, પંજાબ
- શ્રી ડૉ. રમણસિંહ, મુખ્ય મંત્રી, છત્તીસગઢ
- શ્રી મનોહર પરિકર, મુખ્ય મંત્રી, ગોવા
- શ્રી અર્જુન મુંડા, મુખ્ય મંત્રી, ઝારખંડ
- શ્રી જગદીશ શેટ્ટાર, મુખ્ય મંત્રી, કર્ણાટક
- શ્રી ઓમપ્રકાશ ચૌટાલા, વિપક્ષના નેતા, હરિયાણા વિધાનસભા
- શ્રીમતી વસુંધરારાજે સિંધીયા, વિપક્ષના નેતા, રાજસ્થાન
- શ્રી કાલરાજ મિશ્ર, ઉત્તરપ્રદેશ
- શ્રી રાજનાથસિંધ, સાંસદ, ઉત્તરપ્રદેશ
- શ્રી ઉધ્વ ઠાકરે, કાર્યકારી અધ્યક્ષ, શિવસેના
- શ્રી રાજ ઠાકરે, અધ્યક્ષ, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના
- શ્રી રામદાસ આઠવલે, અધ્યક્ષ, રીપબ્લીકન પાર્ટી ઓફ ઈન્ડીયા
- શ્રી અનંત દીધે, નેતા, શિવસેના
- શ્રી વૈંકેયા નાયડુ, સાંસદ, તામિલનાડુ
- શ્રી બલબીર પૂંજ, રાજસભાના સભ્ય
- શ્રી ઓમ માથુર, વરિષ્ઠ નેતા, ભારતીય જનતા પાર્ટી
- શ્રી સી. પી. ઠાકુર, પ્રમુખ, બિહાર ભારતીય જનતા પાર્ટી
- શ્રી રવિશંકર પ્રસાદ, નાયબ નેતા રાજ્યસભા
- શ્રી રાજીવ પ્રતાપ રૂડી, સાંસદ
- શ્રી પ્રકાશ જાવડેકર, સાંસદ
- શ્રી શાહનવાઝ હુસૈન, સાંસદ
- શ્રી મુખ્તાર અબ્બાસ નકવી, સાંસદ
- શ્રીમતી નઝમા હેપતુલ્લાહ, પૂર્વ નાયબ અધ્યક્ષ, રાજ્યસભા
- શ્રી અરૂણ શૌરી, વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ પત્રકાર
- શ્રી અનંતકુમાર, નેતા, કર્ણાટક
- શ્રી વિજય ગોયલ, નેતા, નવી દિલ્હી
- શ્રી સુબ્રોતો રોય, સહારાગ્રૂપ
- શ્રી અશોક સિંઘલ, પૂર્વ આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, વિશ્વહિન્દુ પરિષદ
- શ્રી સત્યમિત્રાનંદજી, વરિષ્ઠ સંત
- શ્રી ભૈયુજી મહારાજ, વરિષ્ઠ સંત
- શ્રી દિલીપદાસજી મહારાજ, જગન્નાથમંદિર, અમદાવાદ
- શ્રી નવજોતસિંધ સિધ્ધુ, વરિષ્ઠ નેતા, ભાજપા અને ક્રિકેટર

ઉપસ્થિત વરિષ્ઠ કલાકારો

- શ્રી વિનોદ ખન્ના
- શ્રી વિવેક ઓબેરોય
- શ્રીમતી સ્મૃતિ ઈરાની
- શ્રી જે. ડી. મજેઠીયા
- સુશ્રી દિશા વાંકાણી (દયા)
- શ્રી મહેશ કનોડીયા
- શ્રી હિતુ કનોડીયા
- શ્રી સુરેશ ઓબેરોય
- શ્રીમતી કિરણ ખેર
- શ્રી દર્શન જરીવાલા
- શ્રી દિલીપ જોષી (જેઠાલાલ)
- ફિરોઝ ઈરાની
- શ્રી નરેશ કનોડીયા

શપથવિધિ સમારોહમાં વિવિધ વેશભૂષા અને સૂત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠ્યું

અમદાવાદ, તા. ૨૬

શ્રી નરેન્દ્રભાઈ દામોદર મોદી તથા મંત્રીમંડળના શપથવિધિ

સમારોહમાં ભાગ લેવા રાજ્યના ખૂણે-ખૂણેથી લોકો ઉમટી પડયા હતા. ઉપસ્થિત જનમેદનીએ શપથવિધિ દરમિયાન સતત સુત્રો પોકારીને લોકલાડીલા નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી પરત્વેની પોતાની લાગણીની અભિવ્યક્તિ કરી હતી.

શ્રી નરેન્દ્રભાઈ મોદી મંચ પર આવ્યા કે તરત લોકોએ સુત્રોચ્ચાર કર્યો હતો, "દેખો-દેખો કૌન આયા, ગુજરાત કા શેર આયા..." તો તરત બીજા ખૂણેથી સુત્રોચ્ચાર થાય કે "દેખો-દેખો કૌન આયા, ભારત કા શેર આયા..."

એક નાગરિક હાથમાં વિશાળ બેનર લઈને આવ્યા હતા, જેના પર લખેલું હતું; "મહાત્મા ગાંધી-અહિંસા પુરૂષ, સરદાર વલ્લભભાઈ પટેલ-લોખંડી પુરૂષ અને શ્રી નરેન્દ્રભાઈ મોદી- વિકાસ પુરૂષ."

રાજસ્થાનના શ્રી નેમાજી રણછોડજી પ્રજાપતિ વિશિષ્ટ પ્રકારના પહેરવેશમાં હાથમાં ધજા અને શંખ લઈને આવ્યા હતા. વારંવાર શંખનાદ કરી રહેલા શ્રી નેમાજી પ્રજાપતિએ પોતાના ખુલ્લા શરીર પર ઓઈલ પેઈન્ટથી લખાવ્યું હતું કે, "આજ કા સી. એમ. - કલ કા પી. એમ." પોતાના કપાળ પર 'ગરવી ગુજરાત' લખીને આવેલા શ્રી નેમાજી પ્રજાપતિએ પીઠ પર લખ્યું હતું કે, "દેખો-દેખો કૌન આયા-ગુજરાત કા શેર આયા." તેમણે પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, "શ્રી નરેન્દ્રભાઈ મોદી આજના મુખ્ય મંત્રી છે, પરંતુ

આવતીકાલના પ્રધાનમંત્રી છે, અને તેથી જ હું મારા શરીર પર આવું લખાણ લખીને આવ્યો છું."

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શપથગ્રહણ સમારોહમાં ચોટીલા પંથકના સોનગઢ ગામના પેમાભાઈ વિરમભાઈ બારૈયા તો તરણેતરના પરંપરાગત પહેરવેશમાં સજ્જ થઈને આવ્યા હતા. હાથમાં રંગબેરંગી રૂમાલોથી સજાવેલી અને ભરતગૂંથણ કરેલી છત્રી ઘુમાવતાં પેમાભાઈ કહે છે, "આ મુખ્ય મંત્રીએ ગુજરાતનો બહુ વિકાસ કર્યો છે, ગુજરાતનો વિકાસ દેશભરે જોયો છે."

ગુજરાતના આ મુખ્ય મંત્રી નાનામાં નાના માણસની પણ ચિંતા કરે છે, તેને જાણે છે તેવું બેધડક જણાવતાં પેમાભાઈ ગુજરાતની પ્રગતિથી ખુશ છે અને એની ખુશી વ્યકત કરવા પાંચાલ પ્રદેશના આ પરંપરાગત ગામઠી પોશાકમાં હાજર રહ્યા છે, તેમ જણાવ્યું હતું.

નવા મંત્રીઓને ૨૯મીએ ખાતાની ફાળવણી કરાશે

અમદાવાદ, તા.૨૬

નરેન્દ્ર મોદીએ આજે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમની સાથે કેબિનેટ અને રાજ્યકક્ષાના પ્રધાનોએ પણ શપથ લીધા હતા. હવે પ્રધાનોની ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ નવા પ્રધાનોને ૨૯મી ડિસેમ્બરના દિવસે ખાતાઓની ફાળવણી કરવામાં આવશે. કોને કયું ખાતુ મળશે તેને લઈને હવે અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. ક્ષત્રિય સમાજમાં વર્ચસ્વ ધરાવનાર પ્રદિપસિંહ જાડેજાને ગૃહખાતુ પણ આપી શકાય તેવી પણ ચર્ચા છેડાયેલી છે. આનંદીબેન પટેલને અગાઉનું ખાતુ મળી શકે છે. નાણામંત્રી તરીકે અગાઉ કાર્યભાર સંભાળી ચૂકેલા નીતિન પટેલની પસંદગી નિશ્ચિત મનાય છે. જ્યારે કૃષિમંત્રી તરીકે બાબુભાઈ બોખિરીયા અને જળસંપત્તિ તેમજ પંચાયત મંત્રી તરીકે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું નામ ચર્ચામાં છે.

વજુભાઈ વિધાનસભાના અધ્યક્ષ-પ્રોટેમ સ્પીકર

અમદાવાદ, તા. ૨૬

૧૨મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવાની રાજ્યપ્રધાન મંડળમાં કેબિનેટ પ્રધાન તરીકે પસંદગી કરવામાં આવ્યા બાદ વસાવાએ વિધાનસભા અધ્યક્ષપદેથી રાજીનામુ આપી દીધુ છે. આની સાથે જ નવા અધ્યક્ષની ચૂંટણી થાય ત્યાં સુધી વજુભાઈ વાળાની કાર્યકારી અધ્યક્ષ-પ્રોટેમ સ્પીકર તરીકે વરણી કરવામાં આવી છે. વજુભાઈ વાળાની કેબિનેટમાં એન્ટ્રી ન થતા ઘણા રાજકીયો લોકોને પણ આશ્ચર્ય થયુ છે.